# પ્રાથમિક શિક્ષણનો પાયો : માતૃભાષા

વિષ્ણુભાઈ વી.શ્રીમાળી
વિ.સ.ખિમાણાવાસ પે.કે.શાળા,
તા.વાવ, જિ.બ.કાં.

ભાષા એ સંવાનું માધ્યમ છે. આપણે આપણા વિચારો, ઉર્મિઓ, ભાવનાઓની અભિવ્યકિત ભાષાના માધ્યમથી કરીએ છીએ. તેમાં પણ પોતાની ભાષા માતૃભાષામાં આ કાર્ય આપણે વધુ સારી રીતે કરી શકીએ છીએ, અન્ય ભાષામાં નહીં. પરિણામે આપણો સઘળો વ્યવહાર આપણી શિક્ષણ વ્યવસ્થા માતૃભાષા આધારિત છે. આપણા ઘણા રાજયોની રચના પણ ભાષા આધારિત છે. જેમકે, ગુજરાત તો ગુજરાતી, મહારાષ્ટ્ર તો મરાઠી, પંજાબ તો પંજાબી આપણે આપણો સઘળો વ્યવહાર આપણી પોતાની માતૃભાષામાં જ કરીએ છીએ. જો કે અત્યારે દેખાદેખી અને અન્યો સાથેની સ્પર્ધાને કારણે આપણે આપણા વ્હાલસોયા કાલુઘેલુ બોલતાં શીખી રહેલા સંતાને અન્ય ભાષાના માધ્યમ દ્વારા – અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપતી નર્સરી સાદી ભાષામાં કહીએ તો 'આંગણવાડી'માં મૂકી રહયા છીએ. જેનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહયું છે.

આંગણવાડી એટલે આંગણામાં રમતા રમતા જ બાળક પ્રાથમિક જ્ઞાન મેળવે એવો સાદો અર્થ લઈ શકાય પરંતુ અત્યારે તેનો અર્થ અને સ્વરૂપ દિનપ્રતિદિન બદલાઈ રહયા છે. આંગણવાડીમાં બાળકને ગમ્મત સાથે જ્ઞાન, જોડકણાં, બાળગીતો, રમકડાં સાથે રમત અને થોડું અંક જ્ઞાન શિખવી શકાય. આ ઉપરાંત સમૂહમાં નાસ્તો, તિથિભોજન અને સ્વચ્છતાના પાઠ શિખવવાના હોય.

આ બધી બાબતો દ્વારા બાળકમાં સંઘભાવનાનો વિકાસ કરવાનો છે. તેને રીમોટ ઓન કરતા ફટાફટ ગોખેલું બોલી જતું યાંત્રિક રમકડું બનાવવાનું નથી. અત્યારે ઘણા માતાપિતા પોતાના ત્રણ કે સાડા ત્રણ વર્ષના બાળકને અંગ્રેજી માધ્યમની આવી સંસ્થાઓમાં જુનિયર કે.જી., સિનિયર કે.જી. કે પ્લેગ્રૂપ મોટી ફી ભરીને એડમીશન અપાવે છે. વહેલી સવારે આવા બાળકો પૂરતી ઉંઘ પણ લીધી ન હોય અને તૈયાર થઈને સંસ્થાઓએ બાંધેલી કે વહેલી સવારમાં લેવા આવતી રીક્ષા કે અન્ય મુસાફરીના સાધનમાં ખીચોખીચ ભરાયેલ હોય તેમાં બાલવાડીએ જાય છે એ પણ વિલાયેલા ચહેરે. ઘરે આવીને પણ બાળક સાથે વહાલ કરવાને બદલે તેને શું ગૃહકાર્ય આપવામાં આવ્યું છે ?, ફટાફટ જમી લો, હોમવર્ક કરો, ટયુશન જવાનું છે વગેરે વગેરે. માતા પિતાની પિપૂડી વગાડે છે. બાળકની વાત સાંભળનાર છે કોઈ ? હજી કાલુઘેલુ બોલતાં એ પણ પોતાની માતૃભાષામાં એ પોતે શું બોલે છે ? તેનો શું અર્થ થાય છે ? એની પણ એને સમજ નથી. એને આપણે આપણી માતૃભાષા સિવાય અન્ય બાલવાડીમાં મૂકીને તેને ફરજ પાડી રહયા હોઈએ એવું નથી લાગી રહયું ?
શાળા, ટયુશન અને હોમવર્કનો ડર બતાવીને શું આપણે તેનું બાળપણ છિનવી રહયા નથી ?
અન્ય માધ્યમની આવી શાળાઓમાં બાલવાડીઓમાં મુકીને આપણે તેની અભિવ્યકિતને શું છિનવી નથી રહયા ?

અત્યારે જન્મતું બાળક હોશિયાર હોય છે. તેની યાદ રાખવાની શકિત અદભૂત હોય છે. પરંતુ એ પોતાની અભિવ્યકિત કઈ રીતે કરે છે ? માતૃભાષામાં જ ને ? આપણે જયારે નાના બાળકને કોઈ પક્ષી કે પ્રાણી દર્શાવીને કહીએ કે આને કબૂતર કહેવાય, ચકલી કહેવાય ત્યારે આ સંસ્કારો તેનામાં સંચિત થાય છે અને ત્યારે ચકલી કે કબૂતરને જુએ ત્યારે તે જણાવી શકે છે.

જો તે કુટુંબમાં માતાપિતા અને કુટુંબના અન્ય સભ્યો અંગ્રેજી માધ્યમથી શિક્ષણ મેળવેલ હોય તો તેમનું સંતાન તે માધ્યમમાં શિક્ષણ મેળવે તે યોગ્ય છે. કારણ કે તે બાળકની સાથે તે માધ્યમમાં વાતચીત કરનાર સભ્ય છે. પરિણામે તે પોતાની લાગણીઓ, ભાવનાઓને રજૂ કરી શકશે અને તેને સમજનાર વ્યકિત પણ હશે. અત્યારે દેખાદેખીને પરિણામે માતાપિતા અંધ બન્યા છે. પરિણામે બાળકનું હિત ન જોતા પોતાનો મોભો જૂએ છે. વર્ષ ૨૦૧૫માં લેવાયેલ ધોરણ ૧૦ના બોર્ડના પરિક્ષાના પરિણામ ઉપર નજર કરીએ તો જણાશે કે માતૃભાષાના શિક્ષણ અને માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણમાં આપણે ઘણા પછાત છીએ. સમાચારપત્રો દિવ્યભાસ્કર અને સંદેશમાં આવેલ આંકડા અનુસાર અંગ્રેજીનું માધ્યમનું સૌથી વધુ પરિણામ ૧૦૦ ટકા ધરાવતી શાળાઓની સંખ્યા ૩૦૩ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૧.૧૧ ટકા, હિન્દી માધ્યમનું પરિણામ ૭૨.૫૪ ટકા

જયારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૫૧.૩૩ ટકા છે. માતૃભાષા સિવાય અંગ્રેજી કેળવણી મેળવી એ પણ એટલી જ જરૂરી છે. પરંતુ એક ભાષા તરીકે માધ્યમ તરીકે નહી. માતૃભાષાના કથળેલા શિક્ષણને સુધારવાની જરૂર છે. આપણે માત્ર એક દિવસ પૂરતા જ માતૃભાષા દિવસની ઉજવણી કરીએ છીએ તે શું યોગ્ય છે ? માતૃભાષાના શિક્ષણને સુધારવા માટે યોગ્ય પગલા લેવા જરૂરી છે. કારણ કે આપણે આપણી ભાષાને વિસરી રહયા છીએ.

**માતૃભાષનું શિક્ષણ સુધારવા માટે નીચે પ્રમાણેના પગલાં લઈ શકાય**

- બાલવાડી, આંગણવાડીનું શિક્ષણ બાળકને માતૃભાષામાં આપવાનો પ્રયત્ન કરવો અન્યથા બાળકને ઘરમાં યોગ્ય વાતાવરણ પૂરું પાડવું.
- નાના બાળકને શિક્ષણનો ડર આપીને દબાવશો નહીં તેને પૂરતા ખોરાકની સાથે પૂરતું વહાલ પણ કરો. તે સમજી શકે તે ભાષામાં તેવા શબ્દોમાં તેની સાથે સંવાદ કરો.
- માતૃભાષા બાળકની સામે માતાપિતા, કુટુંબના અન્ય સભ્યો તેમજ શિક્ષકોએ શુધ્ધ ભાષામાં વાતચીત કરવી જોઈએ.
- પ્રાથમિક શાળામાં યોગ્ય લાયકાત ધરાવતા, ગુણવત્તા યુકત શિક્ષણ આપી શકે તેવા નિષ્ઠાવાન કર્મયોગી શિક્ષકની નિમણૂંક આપવી પડશે. પ્રાથમિક શાળાઓમાં પણ કોલેજો, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માફક શિક્ષકો માટે રીફ્રેશર કોર્ષ વ્યવસ્થા કરવી.
- પ્રાથમિક શાળામાં માતૃભાષાના શિક્ષકો માટે વિવિધ ઉપયોગી શૈક્ષણિક સાધનો અને સામાયિકો પૂરા પાડવા.
- શાળામાં વિદ્યાર્થીઓ પ્રાથમિક કક્ષાએથી પોતાની માતૃભાષમાં શુધ્ધ ઉચ્ચાર સહ વાંચન, લેખન અને કથન ત્યારે જ કરી શકે જયારે તેને શુધ્ધ શ્રવણનો મહાવરો મળે, શુધ્ધ લેખન, શુધ્ધ વાંચન અને શુધ્ધ કથનનો મહાવરો પૂરો પાડવાની જવાબદારી શિક્ષકો, માતાપિતા અને આસપાસના સમાજનો છે.
- માતૃભાષના શિક્ષકે હંમેશા સાચી જોડણીમાં લખવાની ટેવ કેળવવી જોઈએ. જો કોઈ વિદ્યાર્થી અશુધ્ધ લેખન કરે તો ત્યારે તેને નજરઅંદાજ ન કરતાં તેની લેખનશૈલી સુધારવા પ્રયત્ન કરવો. શાળા કાર્યક્રમમાં કાવ્યગાન, નિબંધલેખન, અનુલેખન, શ્રુતલેખનનું આયોજન કરવું, તેમાં વિદ્યાર્થીઓને યોગ્ય પુરસ્કાર આપવા. સાહિત્યકારોના જન્મદિવસની ઉજવણી કરવી. માતૃભાષા દિનની ઉજવણી કરવી જોઈએ.

આમ, માતૃભાષાનું શિક્ષણ અને માતૃભાષા દ્વારા શિક્ષણ સુધારવાની જવાબદારી આપણી સૌની છે. નાના બાળકને અન્ય ભાષાની કેળવણી જરૂર આપો. પરંતુ પહેલા એની પોતાની ભાષા માતૃભાષાનું શુધ્ધ ઉચ્ચારણ કરે, શુધ્ધ લેખન કરે, શુધ્ધ વાંચન કરે અને તે દ્વારા તેમાં રહેલા ભાવ, અર્થ અને લાગણીઓને યોગ્ય રીતે સમજી શકે ત્યારે જ હિતાવહ છે. નહિતર આ ઉકિત બરાબર સાર્થક છે.

"બોલ્યું કશું ને સાંભળ્યુ કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું"